# રેલવે બજેટમાં ગુજરાતને ૭ ટ્રેન કેપીટલ સ્ટેશનને ફરી કોરાણે મુકાયું

ગાંધીનગર, તા. ૧૨

યુ.પી.એ. સરકારના વચગાળાના રેલવે બજેટમાં ગુજરાતને વધુ ૭ ટ્રેનો ફાળવવામાં આવી છે. પરંતુ આ બજેટમાં પણ કેપીટલ સ્ટેશનને એક પણ ટ્રેન ફાળવવામાં આવી નથી. વર્ષોથી ઈન્તેજારી બાદ પણ ગાંધીનગર સ્ટેશનને એક પણ ટ્રેન ફાળવવાની જાહેરાત થઈ નથી. નવી ટ્રેનો પણ વાયા અમદાવાદ-મહેમસાણા થઈ દિલ્હી તરફ દોડાવવાનો નિર્ણય ન લેવાતાં કેપીટલ સ્ટેશનને ફરી ઠેંગો દેખાડી દેવાયો છે.

કેપીટલ સ્ટેશનના વિકાસ માટે કરોડો રૂપિયાનો ખર્ચ થયા બાદ દાયકાના અંતે રેલવેની પટરી પરની રોજ ચાર ટ્રેઈનની અવર-જવર થાય છે. જેના પરિણામે રેલયાત્રિકોને દિલ્હી મુંબઈ તરફ જવા માટેની રેલયાત્રા સરળ બની છે. પરંતુ કરોડોના ખર્ચે વિકસાવાયેલા ગાંધીનગર સ્ટેશનને વિસ્તારની જેમ જ વિકાસના મુદ્દે કોરાણે મુકી દેવાયું છે. કેપીટલ સ્ટેશન પર રેલયાત્રિકો સુધી પાયાની સુવિધાઓ ઉભી કરવામાં પણ નિષ્ક્રિયતા સેવાઈ રહી છે. જેના પરિણામે યાત્રાળુઓ માટે અનેક પ્રશ્નો ઉદ્‌ભવ્યા છે. જ્યારે આજના વચગાળાના રેલવેબજેટમાં ન્યાય મળ્યો નથી. રેલબજેટના અંતે ગુજરાતને નવી ૭ ટ્રેઈનો ફાળવવામાં આવી છે. જ્યારે આ પૈકી દિલ્હી તરફ જતી ૪ ટ્રેન પણ વાયા અમદાવાદ-મહેસાણા દોડાવવાનો નિર્ણય લેવાયો છે. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બૂચે ફરી એકવાર કેપીટલ સ્ટેશનને અન્યાય કરવાના મામલે સવાલ ઉઠાવ્યો છે. તેમણે જણાવ્યા મુજબ આ ટ્રેન વાયા ગાંધીનગર રૂટમાં દોડાવવા પણ રેલવે વિભાગને રજૂઆત કરવામાં આવશે. જ્યારે રાજ્ય તેમજ કેન્દ્ર સરકાર દ્વારા કેપીટલ સ્ટેશનને મહત્વ ન અપાયું હોવાનો રોષ પણ ઠાલવ્યો છે.

## આજથી ચિન્મયાનંદ બાપુની શ્રીમદ્ ભાગવત કથાનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૨

રાષ્ટ્રીય સંત ચિન્મયાનંદ બાપુની વ્યાસપીઠે શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન આગામી તા. ૧૩ થી ૧૯ ફેબ્રુઆરી દરમ્યાન કરવામાં આવ્યું છે. કથાનો પ્રારંભ આવતીકાલે તા. ૧૩મી ફેબ્રુઆરીના રોજ બપોરે ૩ કલાકે રામકથા ગ્રાઉન્ડ, સેક્ટર-૧૧ ખાતેથી કરવામાં આવશે. દરરોજ બપોરે ૩ થી સાંજે ૬.૩૦ દરમ્યાન કથા યોજાશે.

શ્રીમદ્ ભાગવત કથાના પ્રારંભમાં દિપ પ્રાગટ્ય પ.પૂ. સંતશ્રી રમેશભાઈ ઓઝા 'ભાઈશ્રી' ના હસ્તે કરવામાં આવશે. કથા દરમ્યાન પતંજલિ યોગપીઠ હરિદ્વારના સ્થાપક શ્રી રામદેવજી મહારાજ ઉપસ્થિત રહેશે. વધુ વિગતો માટે ભરતભાઈ પટેલ (મો. નં. ૯૮૨૫૪૪૧૩૦૭) અને દિલીપભારતી ગુરૂજી (મો. નં. ૯૩૨૭૦૦૩૯૪૦) ઉપર સંપર્ક સાધવા જણાવાયું છે.

## ડુંગરી ગરાસિયા સમાજનો સ્નેહમિલન સમારંભ યોજાયો

ગાંધીનગરના શ્રી ડુંગરી ગરાસિયા સમાજનો દસમો વાર્ષિક સ્નેહમિલન સમારંભ તા. ૯મી ફેબ્રુઆરીએ સે-૧૭માં આવેલ ટાઉનહોલ ખાતે યોજાઈ ગયો. આ સમારંભમાં સમાજ સુધારણા, શિક્ષણ અને આર્થિક વિકાસ માટે આહવાન કરવામાં આવ્યું હતું. સમારંભમાં સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. જેમાં દાહોદનું લોક નૃત્ય અને દાંતા-અંબાજીનું લોકનૃત્ય રજુ કરાયું હતું. જેને વ્યાપક પ્રશંસા મળી હતી. આ સમારંભમાં નિવૃત્ત અધિક કલેક્ટર વી.ડી. અસારી, ધારાસભ્યો ડૉ. અનિલ જોષિયારા અને અશ્વિન કોટવાલ, પૂર્વ ધારાસભ્ય રમિલાબેન બારા તેમજ સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સમારંભમાં સાંસ્કૃતિક કાર્યક્રમમાં નાના બાળકોએ પણ ઉત્સાહથી ભાગ લીધો હતો.

# જુના સચિવાલય સંકુલનો રિંગ રોડ વન-વે કરાયો

ગાંધીનગર, તા. ૧૨

ડૉ. જીવરાજ મહેતા ભવન જુના સચિવાલયમાં આવેલ રીંગરોડને વન-વે કરવામાં આવતા સમગ્ર રાજ્યમાંથી સરકારી કામ અર્થે આવતા નાગરિકો સરકારના આ તઘલખી નિર્ણયથી રોષે ભરાયા છે.

ગાંધીનગર રાજ્યનું પાટનગર હોવાથી રાજ્યની સરકારી કચેરીઓ પણ અહીં જ આવેલી છે. ત્યારે જીવરાજ મહેતા ભવન અને જુના સચિવાલયથી જાણીતા સંકુલમાં કચેરીઓની ફરતા રીંગરોડ બનાવવામાં આવેલા છે.

જ્યારથી સચિવાલય સંકુલનું નિર્માણ થયું ત્યારથી આ રીંગ રોડ ઉપર વાહનોનું આવન-જાવન ચાલતુ હતુ, પરંતુ હાલમાં તંત્રને શુ થયું કે રીંગરોડને વન-વે કરી નાંખવામાં આવ્યો છે. જેનાથી હવેથી સચિવાલયમાં આવન-જાવન માટે વન-વે નો ઉપયોગ કરવો પડશે.

રોડને વન-વે કરવાથી કર્મચારીઓ પણ અચંબિત થઈ ગયા છે. દરરોજની જેમ આવવા ટેવાયેલા કર્મચારીઓને સિક્યુરીટી દ્વારા પરત મોકલાતા કર્મચારીઓમાં પણ અસંતોષ વ્યાપી ઉઠ્યો છે.

શહેરના મુખ્ય ગણાતા ચ-રોડ પર અનેક વખત અકસ્માતોની સરકાર ચ-રોડની મરામત કરવાની જગ્યાએ સચિવાલયમાં રૂપિયા વેડફી રહી છે તેવી ચર્ચા જોરશોરથી ચાલી રહી છે.

આવી જતો હોય છે. ત્યારે રાજ્યભરમાંથી આવેલા નાગરિકોની ગાડીઓ પણ સામસામે આવી જવા પામી છે. અને પરત કરવા માટે



વણઝાર જોવા મળે છે ત્યારે આજ દિન સુધી ક્યારેય જુના સચિવાલય સંકુલ ખાતે સરકારી ચોપડે અકસ્માત નોંધાવા પામ્યો નથી. ત્યારે

સમગ્ર રાજ્યમાંથી નાગરિકો પોતાના કામ માટે આવતા હોય છે. જેઓ એક વખત આવ્યા પછી સામાન્ય રીતે તેઓને રસ્તાનો ખ્યાલ અડધેથી પોતાની કાર લેવી પડતી હોય છે ત્યારે ટ્રાફિક જામના દશ્યો પણ સર્જાય છે. અને નાગરિકોને હાલાકીનો ભોગ બનવુ પડે છે.



ગાંધીનગરનો વિકાસ જેમ જેમ વધી રહ્યો છે તેમ તેમ ગાંધીનગરના નાગરિકોની સેવામાં પણ વધારો થઈ રહ્યો છે. આમ, નાગરિકોની જરૂરીયાત સંતોષાય તે આશયથી એચ.પી. કંપની દ્વારા ગોકુલપુરા અને વાવોલ ગામ વચ્ચે એક પેટ્રોલ ખૂલ્લો મૂકવામાં આવ્યો છે.

### ચિલોડા પોલીસ સ્ટેશનથી થોડે જ દૂર કેબલ ચોરતી ટોળકીનો તાંડવ

# કેબલ ચોરોએ દશેલા ગામમાં રીતસરનો આતંક મચાવ્યો

### ૭ અલગ અલગ બોરકુવામાંથી કેબલો ચોર્યા : મિનરલ વૉટર પ્લાન્ટમાં તોડફોડ કરી ગ્રીનહાઉસમાંથી મોટર ચોરી : પોલીસ પેટ્રોલીંગ પર શંકા : ગ્રામજનોમાં ફફડાટ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર નજીક ચિલોડા પોલીસ સ્ટેશનથી થોડે જ દૂર આવેલા દશેલા ગામમાં રાત્રી દરમ્યાન કેબલ ચોરતી ટોળકીએ રીતસરનો આતંક મચાવી તાંડવ કર્યો છે. અલગ-અલગ એક-બે નહી પરંતુ સાત-સાત બોરકુવાને નિશાન બનાવીને તમામમાંથી કેબલ ચોર્યા પરંતુ સતત નાઈટ પેટ્રોલીંગ કરતી ચિલોડા પોલીસને સ્હેજ પણ અણસાર ન આવ્યો..! એક જ રાતમાં ટોળકીએ મચાવેલા આતંકથી ગ્રામજનો ભયભીત થઈ ગયા છે. તો બીજી તરફ આવી ઘટના જ બની ન હોવાનું ચિલોડા પોલીસ સ્ટેશન ઓફીસર જણાવી રહ્યા છે. ઘટનાનો ઢાંક પીછોડો કરવા માટે આવા જવાબ અપાઈ રહ્યા છે કે હજુ સુધી પોલીસના પેટનું પાણી હાલ્યુ નથી તેનો જવાબ તો ચિલોડા પોલીસ જ આપી શકશે..!

મળતી માહિતી મુજબ દશેલા ગામમાં મનહરભાઈ ગાંડાભાઈ ઠાકોરના બોરકુવામાંથી ૭૫ ફૂટનો રૂ. ૭૫૦૦ની કિંમતનો કેબલ ચોરીને ટોળકી બાબુભાઈ મોતીભાઈ ચૌધરીના બોરકુવા પર ત્રાટક્યા હતા. ત્યાંથી ૪૦ ફૂટનો રૂ. ૨૫૦૦ની કિંમતનો કેબલ વાયર ચોરી કર્યો હતો. ગામમાં સ્થિત એક ગ્રીનહાઉસમાંથી ૨૨,૫૦૦ની મોટર ચોરી કરી ૫૫ ફૂટ લાંબો રૂ. ૧૫૦૦નો વાયર ચોરી કરી ગેંગ ભાગી હતી અને એક મિનરલ વૉટર પ્લાન્ટમાં તોડફોડ કરી આતંક મચાવ્યો હતો.

# ગાંધીનગરમાં સોલર લાઈટો જાળવણીના અભાવે શોભાના ગાંઠીયા બની

### મુખ્યમાર્ગો અને સેક્ટર્સમાં લગાવાયેલી સોલર લાઈટોમાં અમુક લાઈટો હાલમાં બંધ

ગાંધીનગર, તા. ૧૨

વિજળી બચાવોના અભિયાન સંદર્ભે સોલાર લાઈટનો પ્રથમ પ્રયોગ રાજ્યના પાટનગરમાં થયેલ છે. જેમાં મુખ્ય માર્ગો તેમજ શહેરના તમામ સેક્ટર્સમાં જરૂરી જગ્યાએ સોલર લાઈટો લગાવવામાં આવી છે. આ આવકારદાયક પગલાથી પ્રજાજનોમાં આનંદ છે જ પરંતુ તેની યોગ્ય માવજત અને જાળવણી ન થતાં આ સમગ્ર પ્રોજેક્ટ બદનામ થઈ રહ્યો છે. હાલમાં લગાવાયેલી સોલર લાઈટોપૈકી લગભગ ચાલીસ ટકા જેવી લાઈટો બંધ હાલતમાં નજરે પડી રહી છે. જેથી લોકોમાં નારાજગી પ્રવર્તી છે.

રાજ્યના પાટનગર ગાંધીનગરને સોલર સીટી તરીકે ખ્યાતિ પ્રાપ્ત થાય તે હેતુથી સોલર પ્રોજેક્ટથી શહેરને ઝળહળતુ કરવાનો પ્રયોગ થયેલો છે. શહેરના મુખ્યમાર્ગો તથા તમામ સેક્ટર્સ, બાગ-બગીચા તથા જરૂરિયાત હોય તેવી તમામ જગ્યાએ સોલર લાઈટના થાંભલા નજરે પડી રહ્યા છે. રાત્રીએ ઝળહળતા શહેરમાં આ સોલર લાઈટો પૈકી અમુક બંધ રહેતા 'સોનાની થાળીમાં લોઢાની મેખ' જેવો ઘાટ સર્જાય છે.

નિયમિત દેખરેખ, માવજત અને જાળવણીનો સદંતર અભાવ એ ટેકનોલોજીને મૃતપાય બનાવી દેતી હોય છે તે શહેરમાં દેખાઈ રહ્યું છે. વધુમાં સોલર લાઈટના અમુક થાંભલા તો ઝાડ નીચે ઉભા કરાયા છે જેથી દિવસ દરમ્યાન સુર્યકિરણો પડે જ નહી તેવી સ્થિતિ ઉભી થઈ છે અને આ કારણે આ સોલર લાઈટ થાય જ નહી. આમ ચોક્કસ દિશા-નિર્દેશ વગરના કાર્યથી પણ મુખ્ય ઉદ્દેશ મરી પરવાળ્યો હોવાનું જણાઈ રહ્યુ છે. જેથી સત્વરે આ અંગે યોગ્ય તપાસ કરી સોલર લાઈટના અભિયાનને જીવંત રખાય તેવી માંગ ઉઠી છે.

# ચિલોડા ખાતે લકઝરી બસોનું કાયદેસર સ્ટેન્ડ ઉભુ કરવા પ્રચંડ માંગ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર નજીકના ચિલોડામાં ચારે બાજુથી આવતા-જતાં પ્રવાસીઓ માટે સ્ટેન્ડ ઉભુ કરવા મુસાફરોમાં પ્રચંડ માંગ ઉભી થઈ છે. દિવસ અને રાત સતત લકઝરી બસોના આગમન સાથે અસંખ્ય મુસાફરો ભગવાન ભરોસે માર્ગ ઉપર ઉભા રહી અસલામતી અનુભવી રહ્યા છે. જેથી લકઝરી બસોનું કાયદેસર સ્ટેન્ડ રાજ્ય સરકાર દ્વારા ઉભુ કરાય તેવી સ્થિતિ નિર્માણ પામી છે.

ચિલોડામાં દિવસ-રાત્રી દરમ્યાન વાહનોની આવનજાવન સતત રહે છે. રાજસ્થાન, દિલ્હી, મુંબઈ, શિરડી, અજમેર, આગ્રા તથા અનેક સ્થળોએ જવા અને આવવા માટે ચિલોડા એ મહત્વનું પીકઅપ સ્ટેન્ડ બની ચુક્યુ છે. દૈનિક હજારોની સંખ્યામાં મુસાફરો ચિલોડાથી અન્ય વાહનમાં જતા અને આવતા હોય છે. પાકુ પીકઅપ સ્ટેન્ડ ન હોવાથી મુસાફરો માર્ગ ઉપર ઉભા રહી અસલામતી અનુભવી રહ્યા છે.

પાકા રોડ વાળુ અલગ કાયદેસર સ્ટેન્ડ બનાવવાથી દૈનિક હજારો મુસાફરોની સુવિધા સાથે સલામતી જળવાશે. તેમજ ભારે ટ્રાફીક સમસ્યાથી છુટકારો થશે, પોલીસ સાથેના ગેરકાયદેસર વ્યવહારો બંધ થશે અને ઘર્ષણ અટકી જશે. એસ.ટી. બસોના મુસાફરોને રાહત ઉભી થશે. વધુમાં રાત્રી દરમ્યાન પોલીસ મથક નજીક હોવાથી મહિલા અને બાળકો નિર્ભયતાથી મુસાફરીનો આનંદ લઈ શકશે.

# સર્જનાત્મક શક્તિ નિખારવા સ્ટુડન્ટસે આઉટ ઓફ બોક્ષ વિચારવું જરૂરી

### સે. ૭ ચૌધરી ટેકનિકલ કોલેજમાં ઓરેનિયમ ૨૦૧૪નો કાર્યક્રમ યોજાયો : ૧૧ કોલેજના ૨૦૦ વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો

ગાંધીનગર, તા. ૧૨

કોલેજના વિદ્યાર્થીઓમાં નવા વિચારો અને સર્જનશક્તિ કેળવાય તેવા આશયથી સે. ૭ સ્થિત ચૌધરી ટેકનિકલ ઈન્સ્ટીટ્યુટ ખાતે આજે ઓરેનિયમ-૨૦૧૪ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઈન્ટર કોલેજ કોમ્પિટીશનમાં વિવિધ ૧૧ કોલેજોના ૨૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાની કોલેજીયન્સે એડમેડ શૉ, ન્યુ પ્રોડકસ ઓફ આઈડીયા, બિઝનસ ક્વીઝ તેમજ અન્ય સાંસ્કૃતિક સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કર્યું હતું.

સે. ૭ સ્થિત ચૌધરી ટેકનિકલ ઈન્સ્ટીટ્યુટમાં આજે ઓરેનિયમ-૨૦૧૪ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ અન્વયે આર્ટસ, કોમર્સ, સાયન્સ અને મેનેજમેન્ટના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓને પોતાની ટેલેન્ટ રજૂ કરવા સ્ટેજ મળી રહે તે માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઓરેનિયમ અન્વયે મેનેજમેન્ટને લગતી વિવિધ ચાર સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. જેમાં સ્ટોપ માઈન ગેઈમ, મેડ-મેડ શૉ, તેમજ ન્યુ પ્રોજેકટસ ઓફ આઈડીયામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો જ્યારે સોલો સોંગ, ગૃપ ડાન્સ, સોલો ડાન્સ, ફેશન શૉ અને ગરબા સહીતની કલ્ચરલ ઈવેન્ટમાં પણ ૬૦ જેટલા સ્ટુડન્ટએ ઉત્કૃષ્ઠ કૃતિઓ રજૂ કરી હતી. સંસ્થા દ્વારા દર વર્ષે રીફ્રેશ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવે છે જ્યારે આ વર્ષે વિદ્યાર્થીઓમાં જાગૃતિ કેળવવા ઓરેનિયમનનો કાર્યક્રમ યોજાયો હતો. વિજેતા વિદ્યાર્થીઓને ટ્રોફી તેમજ અન્ય ઈનામો એનાયત કરવામાં આવ્યા હતા. સ્ટુડન્ટસમાં આઉટ ઓફ બોક્ષ વિચારશક્તિ કેળવાય અને સર્જનાત્મક દષ્ટિ તેજ બને તેવા આશય સાથે સ્પર્ધાત્મક અભિગમ મજબુત બને તેવો પ્રયાસ કરવામાં આવ્યો હોવાનું પણ કોલેજના સૂત્રોએ જણાવ્યું હતુ. ઓરેનિયમ-૨૦૧૪ના સ્પર્ધકોને પ્રોત્સાહીત કરવા સંસ્થાના ચેરમેન એમ.કે. ચૌધરી, ઉપપ્રમુખ એમ.આર. ચૌધરી, ચૌધરી ટેકનિકલ ઈન્સ્ટીટ્યુટના ઈન્ચાર્જ ડીરેક્ટર અમિત પટેલે વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.




# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૬
સૂર્યાસ્ત : ૬.૨૮

## તાપમાન

મહત્તમ : ૨૭.૨ ડિ.સે.
લઘુત્તમ : ૧૨.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૯ ટકા ● સાંજે ૩૯ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
જય હો : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
વન બાય ટુ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
જય હો : ૧૨.૧૫, ૩.૧૫, ૩.૧૫, ૬.૧૫, ૯.૧૫
: સ્ક્રીન-૪ :
જય હો : ૧૧.૧૫, ૮.૧૫
દેઢ ઈશ્કિયા : ૨.૧૫
યારીયાન : ૫.૧૫

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
હસી તો ફસી : ૧૦.૩૦, ૧૨.૩૦, ૩.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
હાર્ટલેસ : ૧૦.૩૦, ૪.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૩ :
જય હો : ૧૦.૦૦, ૬.૪૫
હસી તો ફસી : ૧.૧૫, ૪.૧૫, ૯.૧૫
બબલૂ હેપ્પી હૈ : ૬.૪૫, ૧૦.૦૦

### સૂર્યા, વાવોલ

જય હો : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
વન બાય ટુ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
હસી તો ફસી : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
બબલૂ હેપ્પી હૈ : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
હેરીટેલ્સ : ૧.૧૫, ૭.૧૫
: સ્ક્રીન-૩ :
જય હો : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

### ચિરાગ સિનેમા(કલોલ)

જય હો : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : વ્યવસાયિક પ્રતિસ્પર્ધામાં તમે વિજય મેળવી શકો છો. રહેઠાણ સંબંધી સમસ્યા રહી શકે છે. કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે.

**વૃષભ** : દિવસ મધ્યમ ફળદાયી રહેશે. વ્યાપાર- વ્યવસાય પર ધ્યાન આપશો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. સામાજિક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે.

**મિથુન** : સામાજિક સમ્માનની પ્રાપ્ત થશે. અવસર હિતકર થશે. આળસ, પ્રમાદથી દૂર રહીને કાર્ય કરો. વિદ્યાર્થીઓને શિક્ષાના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ઉપલ્બિ મળી શકશે. વ્યપારીકક્ષેત્રે ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થશે.

**કર્ક** : વિચારેલા બધા કાર્યોમાં શુભ પરિણામ અપેક્ષિત છે. મિત્રોનો પૂર્ણ સહયોગ તમને મળી શકશે. વ્યાપાર- વ્યવસાય સારું ચાલશે. ખર્ચના અનુપાતમાં આવક પણ થતી રહેશે.

**સિંહ** : આમોદ- પ્રમાદના અવસર આવશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વ વધશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો. લગ્ન સંબંધી ચર્ચા ચાલશે.

**કન્યા** : આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. હમણાં સુધારામાં સમય લાગશે. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબિક સુખનો અભાવ રહેશે.

**તુલા** : પારિવારિક વાતાવરણ અસંતાષકારક રહેશે. કાર્ય કરવાની સ્થિતિમાં સુધારા કરવું જરૂરી છે. વ્યાપાર અથવા આજીવિકામાં સમસ્યા આવી શકે છે.

**વૃશ્ચિક** : કોઈ કાર્યમાં મળેલી સફળતા મહત્વપૂર્ણ હિતકારક બનશે. વ્યપાર અથવા આજીવિકાના ક્ષેત્રમાં તમારું મહત્વ અને વિશ્વાસ વધશે.

**ધન** : મકાન સંબંધી સમસ્યાઓમાં સમાધાન થઈ શકે છે. ભૌતિક સુખ- સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે.

**મકર** : લાભનો માર્ગ ખુલ્લો થશે. આર્થિક ચિંતા દુર થતી જણાશે. વ્યવસાયક્ષેત્રે વૃદ્ધિમાં વધારો થતો જણાય. નિર્ણય લેવામાં વિલંબ ન કરવો. કાર્યની ગતિ બનાવી રાખો.

**કુંભ** : ભાગ્યવર્ધક યાત્રા-પ્રવાસનું આયોજન થશે. ગુસ્સા અને આવેગ પર કાબૂ રાખવો. ભૌતિક સુખમાં વધારો થઈ શકે છે. આવકમાં વધારો થઈ શકે છે. શુભ સંદેશ તમને નવી ચેતના આપશે.

**મીન** : વ્યાપારક્ષેત્રમાં હાનિ ન થાય તેની તકેદારી રાખવી. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. માતા-પિતાના આરોગ્યની ચિંતા રહેશે. ધર્મ- કર્મમાં ખર્ચ થઈ શકે છે.

## ચિરવિદાય

- સ્વ. મહેન્દ્રભાઈ રેવાભાઈ પરમાર (ઉ.વ. ૪૩) પ્લોટ નં. ૧૩૮/૨,સેકટર-૧૪, ગાંધીનગર.
- સ્વ. ચંદ્રિકાબેન ચંદ્રકાન્તભાઈ સોની (ઉ.વ. ૭૨) પ્લોટ નં. ૭૯૦/એ/૪, પંચશીલ પાર્ક, સેકટર-૨૧, ગાંધીનગર.
- સ્વ. જયરામભાઈ મણિરામ રાઠોડ (ઉ.વ. ૯૫) સેકટર-૧૩,ના કાચા છાપરાં, ગાંધીનગર.
- સ્વ. જશીબેન અંબાલાલ ઠાકોર (ઉ.વ. ૪૫) સેકટર-૧૩,ના કાચા છાપરાં, ગાંધીનગર.